મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૭ ટકા

ગાંધીનગર તાપમાન

# ઈન્ફોસીટી ખાતે યોજાયો 'વિશેષ' રમતોત્સવ

## વિશેષ એજ્યુકેશનના ૧૯ સ્પેશિયલ બાળકોએ ભાગ લીધો : સાથે નાતાલ પર્વની પણ ઉજવણી કરાઈ








ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગરના ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે તા. ૨૩મી ડિસેમ્બરે શનિવારે વિશેષ સ્પેશિયલ એજયુકેશન સેન્ટરના બાળકોનો રમતોત્સવ યોજાયો હતો. ક્રેયોન સ્કૂલના સંયુકત ઉપક્રમે આયોજિત આ રમતોત્સવ સાથે નાતાલની પણ ઉજવણી કરવામાં આવી હતી. વિશેષ એજયુકેશનના સ્પેશિયલ બાળકોએ આ રમતોત્સવમાં વિવિધ રમતોમાં ભાગ લઈ તેમના આત્મવિશ્વાસ ભર્યા ઉત્કૃષ્ઠ પ્રદર્શનથી સૌને દંગ કરી દીધા હતા.

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વિશેષ એજયુકેશન સેન્ટર ચલાવાય છે જેમાં ઑટિઝમ, લર્નિંગ ડિસેબિલીટી, સ્પીચ-હિયરીંગ પ્રોબ્લેમ્સ જેવી નાની-મોટી તકલીફો ધરાવતા બાળકોને પધ્ધતિસરની તાલીમ સાથે શિક્ષણ પુરું પાડવા પ્રયાસ કરાય છે. 'વિશેષ'ના પ્રથમ વાર્ષિક રમતોત્સવમાં આ પ્રકારના બાળકો માટે ખાસ આયોજન કરાયું હતું. જેમાં તેમણે ૫૦ મીટર દોડ, લીંબુ ચમચી, બોલ થ્રો જેવી રમતોમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભે યોજાયેલી માર્ચપાસ્ટમાં પણ આ બાળકો સામેલ થયા હતા. સંસ્થા દ્વારા આ રમતોત્સવના આયોજનનો હેતુ તેમની અક્ષમતાને ધ્યાનમાં રાખીને નહી પરંતુ તેમની ક્ષમતાને ધ્યાનમાં રાખીને બાળકોના સર્વાંગી વિકાસ થાય તેવું સુયોગ્ય વાતાવરણ પુરું પાડવાનો હતો. આ બાળકોને શિક્ષણ ઉપરાંત અભ્યાસોત્તર પ્રવૃત્તિઓ થકી સંપૂર્ણ વિકાસ માટેનો આ પ્રયાસ હતો.

રમતોત્સવના સમાપને નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાન્ટાકલોઝને નિહાળી બાળકો ગેલમાં આવી ગયા હતા અને સાન્ટા પાસેથી ચોકલેટસ અને ગીફટસ મેળવી આનંદિત થયા હતા. આ રમતોત્સવમાં 'વિશેષ'ના ૧૯ બાળકોએ ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

## @ગાંધીનગર

● શ્રી ગુરુગોવિંદ સાહેબની ૩૫૧મી જન્મ જયંતિ નિમિત્તે નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ તા. ૨૬-૧૨-૨૦૧૭ થી તા. ૨૯-૧૨-૨૦૧૭ સવારે ૯ થી બપોરે ૩ કલાક સુધી ગુરુદ્વારા સે-૩૦ ખાતે યોજાશે.

● લોહાણા યુવા સંગઠન દ્વારા જરૂરીયાતમંદ લોકોને ગરમ કપડાંનું વિતરણ કરાશે.

● ઈન્દ્રપુરા ગામમાં સંજયભારતી બાપુની વ્યાસપીઠે ચાલતી શિવકથામાં નવદુર્ગા પ્રાગટય, હિંડોળા દર્શન અને રાત્રે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

# ચરેડી છાપરામાંથી વધુ બે શખ્સો તાડી વેચતા ઝડપાયા

## ૧૮ લીટર તાડી સાથે બંનેની એલસીબીએ ધરપકડ કરી

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર એલસીબીની એક ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી



ત્યારે હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહ તથા કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે ચરેડી છાપરામાં ફરી કેટલાક શખ્સોએ તાડીનો વેપલો શરૂ કર્યો છે. અગાઉ પણ ચરેડી છાપરામાંથી તાડી વેચતા શખ્સો પકડાઈ ચુક્યા છે.

બાતમી આધારે રેઈડ કરી બે શખ્સોને તાડી વેચતા રંગે હાથ પકડી પાડ્યા હતા. છાપરામાં રહેતા અરવિંદ દાડમ કાંગસીયા અને પુનમ ભીખા વણઝારા મળી બે શખ્સોની ૧૮ લીટર તાડી સાથે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વિસનગરા નાગર પરિવારનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૫
શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરનો ૨૪મો સ્નેહ સંમેલન તથા પારિતોષિક વિતરણ સમારંભ દેવી ફાઈનાન્સ વાળા ચિરાગભાઈ પ્રવિણકુમાર રાવલ (પાલજવાળા)ના પ્રમુખ સ્થાને યોજાયો હતો.

અતિથિવિશેષ પદે જ્ઞાતિ અગ્રણી અને ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા, જ્ઞાતિ બુઝુર્ગ રવિન્દ્રભાઈ મહેતા, ડૉ. શ્રી પ્રમોદચંદ્ર મહેતા, સુરેશભાઈ મહેતા-ઉપપ્રમુખ શહેર ભાજપ, મનુભાઈ મહેતા તથા મુખ્ય સરકારી વકીલ હિતેશભાઈ રાવલ, પ્રમુખ સનતભાઈ પંડયા અને પ્રવિણકુમાર રાવલ ઉપસ્થિત રહ્યા હતા.





આ પ્રસંગે જુનિયર કેજીથી અનુસ્નાતક સુધીના તેજસ્વી તારલાઓને મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરાયું હતું.

૭૫ વર્ષ પૂર્ણ કરનાર નવીનચંદ્ર રાવલ, વસુમતીબેન રાવલ, મુકુંદભાઈ રાવલનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. ખેલ ગુજરાત મહાકુંભમાં જ્ઞાતિ યુવક રાજયકક્ષાએ વિજેતા બનતા વિશિષ્ટ સિધ્ધિ માટે તેનું બહુમાન કરાયું હતું.

હાટકેશદાદા સમક્ષ દીપ પ્રાગટય મહાનુભાવોના હસ્તે કરાયું હતું. જ્ઞાતિશ્રેષ્ઠી અંબિકાપ્રસાદ પ્રાણદાસ રાવલ, તીર્થ ભટ્ટ, રાજેન્દ્રભાઈ રાવલ તથા સદગત આત્માઓની શાંતિ માટે મૌન પાળવામાં આવ્યું હતું. ડૉ. પ્રમોદચંદ્ર મહેતા દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચન તેમજ ઓળખવિધિ વિનોદભાઈ રાવલ, સુરેશભાઈ મહેતાએ કરી હતી.

સભાનું સંચાલન કૌશિકભાઈ રાવલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ધર્મેન્દ્રભાઈ રાવલ, આશિષભાઈ પંડિત, બિંદેશભાઈ રાવલે જહેમત ઉઠાવી હતી. મહામંત્રી મહેશભાઈ રાવલે આભારવિધિ કરી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરના એક પીઆઈ પુત્ર અજયસિંહ દ્વારા બે વર્ષ પૂર્વે વિદેશ અભ્યાસ અર્થે સ્ટુડન્ટ વીઝાના નામે નાગરિકો સાથે લાખોની ઠગાઈ કરવામાં આવી હતી અને રફફુચક્કર થઈ ગયો હતો. તાજેતરમાં ઈન્ફોસીટી પોલિસે અજયસિંહને ઝડપી લઈ તેના ૩ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા જે પુરા થતા આરોપીને સેન્ટ્રલ જેલના હવાલે કર્યો હતો.

● ગાંધીનગરમાં સચિવાલય સંકુલ ખાતે યોજાનાર નવી સરકારની શપથવિધિને પગલે ભાજપ દ્વારા ઈન્દિરા બ્રિજથી સચિવાલય સુધીના મુખ્ય માર્ગ પર પાર્ટીના ઝંડા લગાડી દેવામાં આવ્યા છે. ભાજપના ઝંડા અને બેનર્સના કારણે સમગ્ર માર્ગ પર જાણે કેસરિયો છવાઈ ગયો હોય તેવો માહોલ ખડો થવા પામ્યો છે.

● શહેરમાં વાતાવરણમાં વારંવાર પલટો આવી રહ્યો છે. જેના કારણે શહેરીજનો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. વારંવાર બદલાતા વાતાવરણના કારણે અનેક નાગરિકો નાની મોટી ઋતુજન્ય બિમારીનો ભોગ બની રહ્યા છે.

# સે-૭ સરદાર પટેલ વિદ્યાલય ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ





ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ-ગાંધીનગર તથા સરદાર પટેલ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે સરદાર પટેલ હાઈસ્કુલના ખાતે એક કાનૂની શિક્ષણ શિબિરમાં પેરા લીગલ વોલન્ટીયર જયરામભાઈ સોની, કે.કે. પટેલ અને સીતારામભાઈ પટેલે વકતા તરીકે શિબિરને સંબોધન કર્યું હતું.

આ શિબિરમાં બાળકોને પરીક્ષાના હાઉથી દૂર રહેવા, માનસિક તણાવથી મુકત રહેવા, એન્ટિ રેગીંગ જુવેનાઈલ જસ્ટિસ એકટ, પોકસો, મહિલા સુરક્ષાને લગતી કાયદાકીય જાણકારી આપવામાં આવી હતી. અંતમાં સ્વચ્છતા અભિયાનરૂપે શહેર તથા આજુબાજુ જાહેર સ્થળોએ ગંદકી ન કરવા તેમજ ગંદકી દૂર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# એક વર્ષથી નાસતો ફરતો બુટલેગર એલસીબીના સકંજામાં

## સે-૨૩માંથી સ્કોર્પીઓ કારમાંથી ૭૦ હજારનો દારૂ પકડાયો હતો

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી.પુરોહીતની ટીમના પીએસઆઈ એમ.જે. શિંદે તથા સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોકકસ બાતમીને આધારે એક વર્ષથી નાસતા ફરતા બુટલેગરને દબોચી લીધો છે. સેકટર-૧૧ મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ પાસેથી મુળ હરીયાણાનો અને હાલ વાવોલ ગામના શાલ્વીક શુકન ફલેટમાં મકાન નં. એ-૨૦૪માં રહેતો આશિષ ઉર્ફે ગૌરવ રાધેશ્યામ છોકકર (ચૌધરી) એલસીબીના હાથે ઝડપાઈ ગયો છે.



એક વર્ષ અગાઉ સે-૨૩ પાસેથી દારૂ ભરેલી સ્કોર્પીઓ ગાડી પકડાઈ હતી. આ ગુનામાં ગૌરવ નાસતો ફરતો હતો.

## 'આર્ષ' અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત ૮૨મું પ્રવચન

# 'માનવતાના મર્મજ્ઞ ભગવાન શ્રીરામ'

## રામાયણની સ્ટોરી બધા જાણે છે પણ તેની ગ્લોરી જાણવા આજે ભેગા થયા છીએ : પૂ. અપૂર્વમુનિદાસ સ્વામી

ગાંધીનગર, તા.૨૫
'આર્ષ' શોધ સંસ્થાન, ગાંધીનગર દ્વારા પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લા ૨૦ વર્ષથી નિયમિતરૂપે ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર વિષયો પર દર ત્રણ માસે પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં વ્યક્તિવિશેષ વિષયક પ્રવચનના ભાગરૂપે 'માનવતાના મર્મજ્ઞ ભગવાન શ્રીરામ' વિષય ઉપર આર્ષ પ્રવચનમાળાના ૮૨મા પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર રાજકોટના સંતનિર્દેશક પૂ. અપૂર્વમુનિદાસ સ્વામીએ વકતવ્યનો લાભ આપ્યો હતો. પ્રવચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

પૂ. અપૂર્વમુનિદાસ સ્વામીએ માનવતાના મર્મજ્ઞ ભગવાન શ્રીરામ તેમજ રામાયણ વિષયક વાત કરતા જણાવ્યું હતું કે, સમયે સમયે મહાન પુરુષોને યાદ કરવા જોઈએ. રામનું જીવન જોઈ જીવવાથી કલ્યાણ થાય છે. રામાયણની સ્ટોરી બધા જાણે છે પણ તેની ગ્લોરી જાણવા આજે ભેગા થયા છીએ. વિશ્વના સેંકડો દેશોમાં ભગવાન રામ પહોંચી ગયા છે. તેઓ દરેકનું આસ્થાનું કેન્દ્ર છે. રામે આધ્યાત્મિક માર્ગ બતાવ્યો છે. માણસાઈનું કેવું અધઃપતન થયેલું છે. અત્યારે માનવ જાત માનવને જેટલું નુકસાન કરે છે એટલું કોઈએ નથી કર્યું. ખરેખર શું બનવાની જરૂર છે? જરૂર છે સારા માણસ બનવાની. જે રામાયણમાં લખાયું છે.

સુખ જ્યારે મળે ત્યારે બીજાનો વિચાર આવે ત્યારે સમજવું કે માનવતા આવી છે. બીજાને દુઃખ મુક્ત કરવા તે માનવતા છે. બીજાનું દુઃખ જોઈને યુગ સમાન દુઃખ લાગે તે માનવતા. રામ હંમેશા બીજાનાં દુઃખોમાં દુઃખી થતા હતા. બીજાનાં દુઃખો જોઈ કેટલાક રાજી થાય છે. પ્રમુખસ્વામી મહારાજ વિદેશમાં રહ્યા છતાં દિવસ દરમ્યાન વિચરણમાં વ્યસ્ત રહેતા સમય ન મળતાં રાત્રે અઢી વાગે ગુજરાતના સુખાકારી માટે પ્રાર્થના કરતા તે છે





માનવતા. કોઈ દુઃખી થાય તે તેમને ગમતું નહોતું.

ઉચ્ચારોમાં માનવતા એ માનવતાની બીજી વિશેષતા છે. સવારથી સાંજ સુધી આપણાં ઉચ્ચારો દાનવતા જેવા હોય છે. આપણું વચન આપણું વજન નક્કી કરે છે. આપણા ઉચ્ચારણોમાં ક્યારેક આડમ્બર હોય છે. શ્રીરામના ઉચ્ચારણો અનીતિ રહિત અને જીવનું રૂડું થાય તેવા હતા. કેટલાકની વાણી જોડવાનું કામ કરે છે. કેટલાકની વાણી તોડવાનું કામ કરે છે. આથી વાણીના ટોનમાં સભ્યતા દેખાય છે. રામે અસભ્યતાનો જવાબ સભ્યતાથી આપ્યો છે. આપણામાં સજ્જનતા કેટલી છે તેની પરીક્ષા સમયે ખબર પડે છે.

રામની કથની અને કરણી એક હતી તે માનવતા. તે સૌને મદદરૂપ થતા. આપણે બીજા આગળ નીકળે તે સહન નથી કરી શકતા. રામના આચારમાં કોઈ લઘુતાગ્રંથિ દેખાતી નથી. તેમની કોઈપણ ક્રિયામાં ઘમંડ જોવા મળતો નથી. દરેકને પૂછીને કાર્ય કરતા હતા. તેમના આચારમાં સૌને સાથે રાખતા હતા. પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહેતા પાંચને પૂછીને કામ કરવું. દરેક કાર્યમાં રામ બીજાને હાઈલાઈટ કરતાં કોઈ બીજો આપણા કરતાં આગળ વધી જશે એવું આપણા મનમાં રહેલું હોય છે. પોતે રાજા હતા પણ બીજા તેમને કહી શકે તેવો તેમનો સ્વભાવ હતો. તેમને નિર્ભય થઈને કહેવાની છૂટ હતી. યોગીજી મહારાજ પણ કહેતાં બીજા આપણી ભૂલ દેખાડે તો મને ગમે. તે છે માનવતા. માણસ જ્યારે એકલો હોય ત્યારે સારો હોય પણ જ્યારે તેમને પીન મારનાર કોઈ મળે ત્યારે તેની દશા બગડી જાય છે. કોઈની ચડવણીથી આપણા વિચારો અને ઉચ્ચારો બદલાય જાય છે.

આમ વિચારમાં, ઉચ્ચારમાં માનવતા હતી. સામેવાળો પાછો વળે કે ન વળે પણ આપણે પાછું વળી જવું જોઈયે તે માનવતા છે. દેશમાં રામરાજ્ય લાવવું તે આપણું કામ નથી પણ દેહમાં રામ રાજ્ય સ્થાપવું તે આપણું કામ છે તે માનવતા છે. માનવતાની વાતો કરવી સરળ છે પણ તેને આચરણમાં લાવવી લોઢાના ચણા ચાવવા જેવી છે. જેમનાં સ્મરણ માત્રથી દુરાચાર દુર થાય તેવી માનવતા પ્રમુખસ્વામી મહારાજમાં હતી. રામ ભગવાનમાં જે ૨૧ લાખ વર્ષ પહેલાં માનવતા હતી એવી માનવતા અત્યારે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજમાં પણ જોવા મળે છે.

અંતે આગામી પ્રવચનમાળા 'વીજળી અને પાણી : બચત, જાળવણી અને સાચવણી' વિષયની જાહેરાત આર્ષના ડાયરેક્ટર ડૉ. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ કરી હતી તથા શ્રોતાઓએ વકતા પાસેથી પોતાના પ્રશ્નોના સંતોષકારક ઉત્તર મેળવ્યા હતા.

# ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે થર્ટી ફર્સ્ટની લાઈવ ડી.જે. પાર્ટી

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર શહેરના ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણી માટે લાઈવ ડી.જે. પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના રાઈઝીંગ ડી.જે. સ્ટાર મિહિર દ્વારા પોપ્યુલર ટયુન્સ અને મ્યુઝીક વીથ રેટ્રો ટચ ડી.જે. પ્લે કરવામાં આવશે. ગાઈડલાઈન મુજબ સાંજે સાત વાગે શરુ થનાર આ ડી.જે. પાર્ટી રાત્રે ૧૦ના ટકોરે બંધ કરી દેવામાં આવશે. એન્ટ્રી પોઈન્ટ પરથી બ્રીથ એનેલાઈઝરથી દરેકનું ચેકઅપ કર્યા બાદ પ્રવેશ અપાશે. જેથી નશામાં ચુર કોઈ વ્યકિત પ્રવેશ કરીને ધમાલ કે છેડતી જેવી હરકતને અંજામ ન આપે. તે ઉપરાંત સલામતીના દષ્ટિકોણથી ૩૨ જેટલા બાઉન્સર પણ મુકવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. જયાલક્ષ્મી રમણીકલાલ પંડયા, ઉ.વ. ૮૯
- સ્વ. ઠાકોર બનાજી રૂડીજી, ઉ.વ. ૭૫
- સ્વ. શ્રીમાળી કાશીબેન બળદેવભાઈ, ઉ.વ. ૭૨
- સ્વ. નરેશકુમાર કેશવલાલ મિસ્ત્રી, ઉ.વ. ૬૦
- સ્વ. અશોક થાપા, ઉ.વ. ૨૫